**વોકલ ફોર લોકલ**

# 'માઈન્ડ ટૂ માર્કેટ - ટોય ઈનોવેશન ચેલેન્જ' ઈવેન્ટનું ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન થયું

ગાંધીનગર, તા ૮

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી અને આઈ હબ ના સંયુક્ત સહકાર થી માઈન્ડ ટૂ માર્કેટ - ટોય ઈનોવેશન ચેલેન્જ નું આયોજન કરવામા આવ્યુ હતુ. 'ભારત દેશ ટોય ઉત્પાદન ક્ષેત્રે વિશ્વમાં પોતાનો ડંકો વગાડી શકે છે, અને આ ઈન્ડસ્ટ્રી માં ઘરેલુ ઉત્પાદન, રિસર્ચ, ઈનોવેશન એન્ડ સ્ટાર્ટઅપની વિપુલ તકો રહેલી છે.' એવા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન ઉપર ઈવેન્ટનુ આયોજન કરવામા આવ્યુ હતુ. આ ઈવેન્ટ ૬ મહિના સુધી ચાલશે જેમાં ટોય ઈન્ડસ્ટ્રી ના પ્રોબ્લેમ્સ પર રિસર્ચ અને ઈનોવેશન કરીને પોતાના સ્ટાર્ટઅપ રજુ કરી શકશે. આગળના તબક્કા માં ટોય ઈન્ડસ્ટ્રીના અનુભવી વ્યાવસાયિકો દ્વારા પાર્ટિસિપન્ટ ને મેન્ટરીંગ, પીચીંગ, વર્કશોપ દ્વારા આઈડિયાઝને બિઝનેસ માં કેવી રીતે સ્થાપિત કરી શકાય તથા પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ માટે યોગ્ય માર્ગદર્શન અપાશે. ઈવેન્ટ ના અંતે શોર્ટલિસ્ટ થયેલા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટને ઓલ ઈન્ડિયા ટોયસ મેનુફેકચરર્સ એસોસિએશન્સ ના સહકાર થી તેને સ્કેલેબલ બિઝનેસ તરીકે એસ્ટાબ્લિશ કરવા માટે ટોય ઈન્ડસ્ટ્રીનો પુરી સહાય એન્ડ માર્ગદર્શન મળી રહેશે.

આ ઈવેન્ટનું ઉદ્‌ઘાટન તા. ૭ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રિન્સિપાલ સેક્રેટરી (ઉચ્ચ શિક્ષણ અને તકનીકી વિભાગ) શ્રીમતી અંજુ શર્મા (આઈ.એ.એસ.), ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ વિભાગના નિયામક એમ. નાગરાજન (આઈ.એ.એસ.), સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ રિષભ જૈન, સ્વર્ણિમ યુનિવર્સિટી ના કો-ફાઉન્ડર વિવેક આનંદ ઓબેરોય, આઈ હબ ના ચીફ મેન્ટર હિમાંશુ પંડ્યા, સ્વર્ણિમ યુનિવર્સિટી ના વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન, ઓલ ઈન્ડિયા ટોયસ મેનુફેકચર એસોસિએશન્સ (TAITMA) ના પ્રેસિડેન્ટ મનીષ કુકરેજા અને એક્ઝિક્યૂટિવ સેક્રેટરી સુબોધ ટંડન, ચિલ્ડ્ર્ન યુનિવર્સિટી ના કુલપતિ હર્ષદ શાહ તથા સી.ઈ.ઓ. આઈ હબ - હીરનમય મહંતા ઉપસ્થિત રહ્યા હતા.




રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા એ જણાવ્યું હતું કે નાની મોટી જે કોઈ પણ વસ્તુઓ ચીન દેશ કે અન્ય દેશો માં બની ને આપણા દેશ માં ઈમ્પોર્ટ રૂપે આવે છે જેમ કે ચોકલેટ, છત્રી, રમકડાં આ વિષય માં આત્મનિર્ભર બની ને ઘરેલુ ઉત્પાદન વધારવા માટે અને પ્રોત્સાહન આપવા માટે માનનીય વડાપ્રધાને આત્મનિર્ભર ભારત ની શરૂઆત કરી છે. તેઓ એ દેશને વિવિધ સ્લોગન આપ્યા છે જેમ કે 'સ્ટેન્ડઅપ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, આઈ કેન વિ કેન જે ભારત દેશ ના નિર્માણ માટે ખુબ અગત્યની પહેલ કરી છે. ઑગસ્ટ મહિનામાં માનનીય વડાપ્રધાન એ ચિલ્ડ્ર્ન યુનિવર્સિટી ના ઉચ્ચ અધિકારીઓ જોડે સંવાદ કર્યો હતો. જેમા વડાપ્રધાને ૧૫૦૦ કરોડનું બાલ ભવન જે ૩૦ એકર જમીનમાં નિર્માણ થશે તેની જાહેરાત કરી હતી. આજે વિશ્વમાં સૌથી મોટું ટોય નું સંગ્રહાલય અમેરિકા માં છે પણ તેનો સૌથી મોટી બિઝનેસ ચાઈના માં છે. કુલ મળી ને ૭ લાખ કરોડ નો બિઝનેસ છે. આપણે કેમ ના કરી શકીયે? ઈનોવાટિવે ફેર માં અત્યાર સુધી આપણે ટોયસ નથી રાખતા પણ આપણે બાળકો ને મોટીવેટ કરી ને ઈનોવેટિવ ટોયસ બનાવી ને સાયન્સ ફેર માં મૂકી ને તેનું પ્રદર્શન કરી શકાય છે.

પ્રોગ્રામ ના અંતે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન દ્વારા આભાર વિધિ વ્યક્ત કરવામાં આવી હતી. તેઓ એ સૌ વર્ચુઅલ ઈવેન્ટ માં જોડાયેલ ચીફ ગેસ્ટ અને સૌ મહાનુભાવોનો ખુબ ઉષ્મપૂર્વક આભાર માન્યો હતો.

સમર્ગ કાર્યક્રમ નું સંચાલન સીઈઓ.,આઈ હબ, હીરનમય મહંતા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં 'ગાંધી ઉત્સવ' તથા પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૮

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગરમાં ગાંધી અધ્યયન કેન્દ્ર દ્વારા એક સપ્તાહના 'ગાંધી ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગાંધીજીના જીવન વિચારને સ્પર્શતી ફિલ્મો બતાવવામાં આવી હતી.જેમાં મેકિંગ ઓફ ધ મહાત્મા,ગાંધી,લાગે રહો મુન્નાભાઈ અને ગાંધી માય ફાધર જેવી ફિલ્મો પ્રસારિત થઈ હતી.પ્રત્યેક ફિલ્મના અંતે એ ફિલ્મ વિશે પ્રોફે. અતનુ ભટ્ટાચાર્ય,પ્રોફે.સંજીવ કુમાર દૂબે, પ્રોફે.બાલાજી રંગનાથન, પ્રોફે.સંજય કુમારજા ના વ્યાખ્યાનો પણ યોજાયા હતા. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય વેબીનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો.પ્રમોદ કુમાર તિવારી દ્વારા ગાંધીજીના જીવનમાં સંગીતના મહત્વ વિશે માર્મિક સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત તા.૭ ઓક્ટોબર ના રોજ આ મહોત્સવનો સમાપન સમારોહ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કુલપતિશ્રી રમા શંકર દૂબેના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.જેમાં યુનિવર્સિટીના કુલસચિવ

પ્રોફેસર અલોક કુમાર ગુપ્ત દ્વારા સંપાદિત અને સાહિત્ય અકાદમી,દિલ્હી દ્વારા પ્રકાશિત 'ગાંધી ઔર ૧૯૮૦ કે બાદ કા હિન્દી-ગુજરાતી સાહિત્ય'પુસ્તક નું લોકાર્પણ કુલપતિ રમા શંકર દૂબે ના હસ્તે કરવામાં આવ્યું હતું.

એક સપ્તાહ સુધી ચાલેલા આ ગાંધી ઉત્સવને સફળતાપૂર્વક સંપન્ન કરવામાં સહભાગી બનેલા ગાંધી અધ્યયન કેન્દ્રના અધ્યાપકો ને અને સંયોજકની ભૂમિકા નિભાનાર ડો.ધનંજય રાયને અભિનંદન પાઠવ્યા હતા. આ મહોત્સવમાં યુનિવર્સિટીના વિવિધ સેન્ટરના અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ખાસ સહભાગી બન્યા હતા.

# શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં કોરોના વાઈરસ વિશે ઓનલાઈન પ્રોજેકટ રજૂ કરાયો



ગાંધીનગર, તા ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વિવિધ ઈત્તર પ્રવૃતિ કરવામાં આવે છે. જે અંતર્ગત ધો-૬ ની વિદ્યાર્થિની બહેનોએ સુંદર જન જાગૃતિ દર્શાવવા કોરોના વાઈરસ પ્રોજેકટ ની પ્રસ્તુતિ કરી સુંદર સંદેશ મોકલેલ હતો. જેનાથી જનજાગૃતિ આવે અને કોરોના વાઈરસની સામે જાગૃતિ રાખી આપણું જીવન કેવી રીતે સલામત રાખવું તે સમજાવ્યુ હતુ. વિદ્યાર્થિનીઓના વિજ્ઞાન શિક્ષક સ્મિતાબેન જોષીએ કોરોના વાઈરસનો વિડીયો સ્વયંમ બનાવી વિદ્યાર્થિનીઓને મોકલી તે દ્વારા વિદ્યાર્થિનીઓના ઉત્સાહનો સંચાર પ્રેરિત કરી તેમની પાસે પણ આવો વિડીયો બનાવડાવી જાગૃતિ લાવવાનો પ્રયાસ કરેલ છે. આચાર્યા નીરૂબેને પણ વાલીઓના અને વિદ્યાર્થિનિઓના સાથ સહકાર અને ઉત્સાહ ને વધાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ગૂજરાત વિદ્યાપીઠ સાદરામાં ગાંધી જયંતિનો અનેરો કાર્યક્રમ ઉજવાયો





ચિલોડા, તા. ૮

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરામાં ખૂબજ ઉત્સાહ સાથે ગાંધી જયંતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ડીનશ્રી, ડૉ પ્રભુલાલ કાસુન્દ્રાએ ગાંધીજીને લગતાં સારા સંદેશો બધા જ સેવકોને આપ્યા હતા. પછી બધા જ સેવકો ટુકડીમાં વહેંચીને સરસ રીતે વૃક્ષારોપણની કામગીરી અને સમૂહસફાઈ કરી હતી. જેમાં આખા સાદરા પરિસરને જુદા જુદા ભાગોમાં વહેંચી સેવકો અને અધ્યાપકોની ટુકડીએ બધા બગીચાઓમાં રોપાઓના ખામડા અને નકામુ ઘાસ સાફ કરીને બગીચાઓને સુંદર અને દેખાવડા બનાવ્યા હતા. બપોરની ૧૧ વાગ્યાની પ્રાર્થનામાં ભારત સરકારના સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોનું પાલન કરી દરેક સેવકે એક કલાક સુધી અખંડ કાંતણની કામગીરી કરી હતી. સંપૂર્ણ કાર્યક્રમ ડીનશ્રી, ડૉ પ્રભુલાલ કાસુન્દ્રાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સાંજના સમયમાં વિવિધ વેબિનારોમાં આયોજન પણ કરવામાં આવ્યું હતું અને આ સંસ્થાના અધ્યાપકોએ ગાંધી જયંતિ નિમિત્તે જુદી જુદી ગુજરાતની કોલેજોમાં ગાંધી વિચારોની પ્રસ્તુતતા વિષય પર વ્યાખ્યાન પણ લીધુ હતું.

**નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા**

# બાલવા ગામે કોવિડ-૧૯ જન જાગૃતિ પ્રદર્શનનું આયોજન




ગાંધીનગર, તા. ૮

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા હાલની કોરોના મહામારીની પરિસ્થિતિને અનુલક્ષીને કોરોના વાયરસ અંગે જાગૃતિ આવે તેમજ કોરોનાથી કઈ રીતે બચી શકાય તે અંગે સમજ કેળવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેની સાથે લોકોની અંદર વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવાના પ્રયત્નો પણ કરવામાં આવે છે. હાલની કોવિડ-૧૯ મહામારીના સમયમાં તેમાંથી રક્ષણ માટે લેવાના જરૂરી તેવા પગલાઓ અને જીવનશૈલી વિષે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ જન જન સુધી પહોચવી અત્યંત જરૂરી છે.

આ મહામારી ગામડાઓમાં પણ ફેલાઈ રહી છે ત્યારે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગામડાના લોકોને પણ આ મહામારીનો સંપૂર્ણ ખ્યાલ આવે તેમજ તેનાથી બચી શકવા માટેના ઉપાયો વિષે જાગૃતતા આવે તેવા હેતુથી બાલવા ગામ, તા. કલોલ,ગાંધીનગર ખાતે કોવિડ-૧૯ જન જાગૃતિ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રદર્શન બાલવા ગામની દૂધ મંડળી આગળ લગાવવામાં આવ્યું હતું. આ પ્રદર્શન માં કોરોના જાગૃતિ અંગેના જુદા જુદા વીસથી વધુ ચાર્ટ્સ લગાવવામાં આવ્યા હતા. ડેરીમાં દૂધ ભરવા આવતા તેમજ લેવા આવતા પશુપાલકો તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં આ પ્રદર્શન નિહાળ્યું હતું. કાર્યક્રમમાં કોવીડ-૧૯ ના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બાલવા ગામના સરપંચ પ્રહલાદભાઈ ચૌધરી, ડે.સરપંચ,ભરતભાઈ ચૌધરી, બાલવા યુથ ફાઉન્ડેશનના દીપકભાઈ ચૌધરી તેમજ નારણભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં સાયન્સ સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

અત્યારે આ ફાસ્ટટ્રેક જમાનામાં યુવાનો પોતાના જન્મદિવસની ઉજવણી અવનવી પાર્ટી ઓ કરીને ઉજવતા હોય છે ત્યારે એક એવો વિશિષ્ટ પરીવાર જેમાં પિતા ભાવેશભાઈ પટેલે ૩૫માં વર્ષની અને એમના સુપુત્ર પેરીન ભાવેશભાઈ પટેલે ૮માં વર્ષની જન્મ દિવસની સાચા અર્થમાં ઉજવણી કરી તેઓએ પોતાના પરીવારના એક ઉચ્ચ વિચાર સાથે પિતા અને પુત્ર બન્ને ના જન્મ દિવસ નિમિતે ચોખ્ખા ઘીનો મોહનથાળ, પુરી,દેશીચણા, પાપડ, દાળ, ભાત, સલાડનુ પુરૂ ભોજન ગાંધીનગરમાં અલગ અલગ સ્લમ વિસ્તારમાં ગરીબ બાળકોને, તથા જરૂરિયાતમંદ લોકોને મોટી સંખ્યામાં ભોજન પીરસવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમમાં રાધે-રાધે પરીવાર ગ્રુપના સાથી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.



# શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન સર્જનાત્મક પ્રવૃત્તિ યોજાઈ



ગાંધીનગર, તા. ૮


સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા તારીખ ૩-૧૦-૨૦૨૦ ને શનિવારના રોજ બપોરે ૫:૦૦ થી ૫:૪૦ દરમિયાન ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૩૭ જેટલા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ કઠોળનો ઉપયોગ કરી સુંદર સર્જનાત્મક ચિત્રો અને વિવિધ કલાકૃતિઓ બનાવી હતી.


આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓના વાલીશ્રીઓએ સકારાત્મક પ્રતિભાવો આપી પ્રવૃત્તિને બિરદાવી હતી તથા શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયાસને વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કારાવનાર ગણાવ્યો હતો. શાળાના આચાર્ય શ્રીમતી નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તથા પ્રવૃત્તિમાં રસ લઈ બાળકોને સહયોગ આપનાર વાલીશ્રીઓનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી


અમી હરેશ ત્રિવેદી
મો. ૯૯૭૯૭ ૭૫૬૭૦


પ્રિયંકા આર ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯


માયાબેન જે ચુડાસમા


વેદાંશ ઉર્મિત જાની


પ્રજાપતિ વિશ્વ
મો. ૭૦૪૬૭૪૬૭૪૬


કૃણાલ દરજી
મો. ૮૫૧૧૩ ૮૧૧૦૯


ભાગ્યશ્રી પટેલ


રાજવીર


માસ્ક પહેરો...
કોરોનાથી બચો...